# ગુજરાતી સાહિત્યમાં સ્ત્રી જીવન

ડૉ. મોસમ ત્રિવેદી
આસીસ્ટન પ્રોફેસર
સમાજશાસ્ત્ર વિભાગ
વી.ન.દ.ગુ.યુ.
સુરત
મોબાઈલ: ૯૪૨૬૧ ૧૦૯૪૮
**Email:- mosamtrivedi@yahoo.com**

## સારાંશ:

સાહિત્ય જે તે સમાજ જીવનનું પ્રતીબિંબ છે. એટલે જ સાહિત્યમાં જે લખાય છે તેનાથી જે તે સમાજમાં પ્રવર્તમાન મૂલ્યો, વિચારો અને સાંસ્કૃતિને સમજી શકાય છે. ગુજરાતી સમાજ જીવનને સમજવા માટે તેમાં સર્જાયેલ સાહિત્યને અહીં સમાજશાસ્ત્રીય દ્રષ્ટીએ અભ્યાસ કરવામાં આવ્યો છે. ખાસ કરીને ગુજરાતી સાહિત્ય ક્ષેત્રે દર્શાવાયેલ સ્ત્રીઓના જીવનને પ્રસ્તુત સંશોધનમાં પ્રયાસ થયો છે. ગુજરાતી સાહિત્યના જાણીતા લેખકો દ્વારા લખાયેલ વાર્તા, નવલકથા અને આત્મકથાના માધ્યમથી અહીં સ્ત્રીઓના જીવનને સમજવાનો પ્રયાસ થયો છે. આ માટે વિષયવસ્તુ વિશ્લેષણ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો છે. સ્ત્રીઓ વિશેના બદલાતાં સામાજિક ખ્યાલોને સમજવા માટે અલગ અલગ સમયે લખાયેલ આત્મકથા અને નવલકથાનો અભ્યાસ કરવામાં આવ્યો છે. તેમાય ખાસ કરીને સ્ત્રીઓ અને પુરુષો બંને દ્વારા વર્ણવાયેલ સ્ત્રીઓના સમાજજીવનને ધ્યાને લેવામાં આવ્યા છે. જો કે કેટલીક ચૂંટેલ વાર્તા, નવલકથા અને આત્મકથાને જ ધ્યાનમાં લેવામાં આવી છે.

## પ્રસ્તાવના:

સાહિત્ય એ સમાજ જીવનનું દર્પણ છે. જે સાહિત્યમાં છે એ સમાજમાં છે. જે સમાજમાં છે એ સાહિત્યમાં છે. આ દ્રષ્ટીએ જોઈએ તો સમાજનો અભિન્ન હિસ્સો અને વસ્તીની દ્રષ્ટિએ અડધું આકાશ રોકતી ગ્રામીણ, શહેરી, શિક્ષિત, નિરક્ષર કે ઓછું ભણેલી સ્ત્રીઓનો સામાજિક દરજ્જો ભૌગોલિક દ્રષ્ટીએ જ નહિ પરંતુ જ્ઞાતિ અને કુટુંબીક રીતે નોંખી જોવા મળે છે. તેમની વચ્ચે જો કોઈ સમાનતા છે, તે એના ઉપર લાદવામાં આવેલ સામાજિક મૂલ્યો આધારિત બંધનોની. જે રીવાજ કે પરંપરાના નામે સમયની સાથે બદલાતા રહ્યા. તેમાંના કેટલાક રિવાજ વર્તમાન સમયે પણ ટકી રહ્યા છે. પરણિત હોય, અપરણિત હોય કે વિધવા હોય. દરેક સ્ત્રીના સામાજિક દરજ્જાને અનુરૂપ આવા સામાજિક બંધનનો જાણે-અજાણે સ્વીકાર કરતી આવી છે. સાહિત્યકાર કે લેખક સમાજનો જ સભ્ય છે. સમાજમાં થયેલ અનુભવો સાહિત્યિક સર્જકને ઘડે છે. ખાસ કરીને કુટુંબ, શિક્ષણ, જ્ઞાતિ વગેરે જેવી પૃષ્ઠભૂમિ સ્થળ, કાળના સંદર્ભમાં સર્જક પર અસર કર્યા વગર રહેતા નથી. સ્ત્રીઓ પરત્વેના પરંપરાગત સામાજિક સાંસ્કૃતિક મૂલ્યો સામે સર્જકે સમયે સમયે બંડ પોકાર્યો છે તથા બદલાતા સમાજનું પ્રતિબિંબ ઝીલવાનો પ્રયાસ કર્યો છે. એવા સર્જકોમાં સ્ત્રી અને પુરુષો બંનેનો સમાવેશ થાય છે, એટલે જ કદાચ સાહિત્યમાં મહિલાઓ દ્વારા મહિલાઓ વિશે ઘણું

લખાયું છતાંય આ દિશામાં સર્જાયેલ સાહિત્ય સર્જનને વધારે વિસ્તૃત રીતેખાસ કરીને સ્ત્રી જીવનને સમજી શકાય એવા સમાજશાસ્ત્રીય અભ્યાસોની આવશ્યકતા છે.

**ગુજરાતી સાહિત્યનો ઐતહાસિક દ્રષ્ટિકોણ**

ગુજરાતી સાહિત્યમાં છેલ્લા બસો વર્ષમાં જે પણ લખાયું છે, એ ગુજરાતના છેલ્લા બસો વર્ષના સમાજ જીવનનું પ્રતિબિંબ છે. વર્તમાન સાહિત્યમાં સ્ત્રીઓની સ્થિતિ સમજતા પહેલાં ભૂતકાળમાં લખાયેલ સાહિત્યના આધારે ઐતિહાસિક દષ્ટિકોણથી સમાજજીવનનું વિષયવસ્તુ વિશ્લેષણ (કન્ટેન્ટ એનાલિસિસ) કરવું આવશ્યક છે. આ સંદર્ભે ગુજરાતના સમાજ જીવનને જોવા માટે  ઓગણીસમી સદીના સુધારક યુગ, ભારતમાં મહાત્મા ગાંધીના આગમન પછીના ગાંધી યુગ, અને ભારતના આઝાદ થયા બાદ નારી ચેતનાને બદલાતા સમય સાથે રચાયેલ આધુનિક સાહિત્યના આધારે સમજી શકાય. જો કે એક વાત ચોક્કસ છે કે સાહિત્યમાં જે રીતે સમાજજીવનને દર્શાવવામાં આવ્યું છે, તેને સમાજશાસ્ત્રીય દ્રષ્ટિકોણથી સાહિત્યનું વિશ્લેષણ કરવાના પ્રયાસ ઓછા થયા છે. આમ છતાં આ સંશોધન વખતે કેટલીક સાહિત્યીક કૃતિઓનો સામાજિક દ્રષ્ટીકોણથી થયેલા અભ્યાસનું વિહંગાવલોકન કરવાનું બન્યું. જેની અહીં ચર્ચા કરીશું. પ્રસ્તુત સંશોધનમાં સ્ત્રી કેન્દ્રી સાહિત્યનું વિષયવસ્તુ વિશ્લેષણ પધ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

## ગુજરાતી સાહિત્યમાં સ્ત્રી જીવન:

ગુજરાતી સાહિત્યમાં સ્ત્રી જીવનની જે રજૂઆત થઇ છે, તે વાર્તા, નવલકથા, આત્મકથા, આત્મવૃતાંત સ્વરૂપે સ્ત્રીઓના જીવનને આધારે સમજી શકાય એમ છે. આ સિવાય ગુજરાતના સમાજજીવનમાં સ્ત્રીઓની સ્થિતિનું વર્ણન સમજવા માટે સર્જક દ્વારા રચાયેલ વાર્તા, નવલકથા કે આત્મકથા જેવા પ્રચલિત સ્વરૂપોને જ સાહિત્યને જ નહિ પરંતુ પાછલા સો વર્ષમાં આવતા વર્તમાન પત્ર કે મહિલા સામાયિકમાં લખાતા વિષયોથી પણ મહિલાઓની સ્થિતિ જાણી શકાય છે. ખાસ કરીને જ્યારે મહિલાઓ પોતે લખતી અને વાંચતી થઇ, એવા સમયે ગુજરાતી ભાષાના મહિલા સામાયિકો જેવા કે સ્ત્રી બોધ અને સુંદરી સુબોધમાં મહિલાઓ લખતી બની, આવા લખાણોને પણ સામાજિક  દ્રષ્ટીએ સમજવું આવશ્યક છે. તેની સાથે ગુજરાતની સ્ત્રીઓનું જીવનમાં સમયની સાથે આવેલ પરિવર્તનને જાણી શકાય છે. તો કેટલીક ચૂંટેલી આત્મકથા અને આત્મવૃતાંતને તપાસી સ્ત્રીઓના જીવનમાં ડોકિયું કરીને સમાજશાસ્ત્રીય રીતે સમજવાનો પ્રયાસ કર્યો છે. તેની સાથે કેટલીક વાર્તાઓ અને પ્રચલિત નવલકથાને પણ ધ્યાને લીધી છે. અહીં માત્ર ચૂટેલા ગદ્ય સાહિત્યને ધ્યાને લેવામાં આવ્યું છે.

**સો વર્ષ પહેલાંના ગુજરાતી સામાયિકમાં સ્ત્રી જીવનનું દર્શન**

ગુજરાતમાં ઓગણીસમી સદીના મધ્યગાળામાં સ્ત્રી કેળવણીના મંગલાચરણ થયા એ પછી શરૂઆતના વર્ષોમાં પારસી સ્ત્રીઓ ઠીક ઠીક શિક્ષણ લેતી થઇ. ૧૮૮૮માં મુંબઈની પ્રથમ સ્ત્રી સ્નાતિકા મિસ કોર્નોલિઆ સોરાબજી અમદાવાદની ગુજરાત કોલેજમાં ફેલો નિમાય છે, ત્યારે ગુજરાતી સમાજ માટે તે આશ્ચર્ય અને આઘાતજનક ઘટના હતી. આ ઘટનાની નોંધ લેતાં એક ગુજરાતી અખબારે નોંધ લેતા લખ્યું કે, "આવી નિમણૂક ભારતમાં સૌ પ્રથમ થઇ છે....., કોલેજમાં પુરુષ વિદ્યાર્થીઓને શીખવવા એક સ્ત્રીની નિમણૂક કરવી ઓગણીસમી સદીનો અજાયબ પમાડે તેવો સુધારો છે! શું સ્ત્રી કેળવણી એ એટલી પ્રગતિ કરી છે કે મુંબઈ ઇલાકામાં કન્યાશાળાઓમાં સ્ત્રી શિક્ષકો વધી પડ્યા છે કે એક સ્ત્રીએ જરા ઉચું શિક્ષણ શું લીધું હોવાથી કોલેજમાં પુરુષોને શીખવવા માટે તેમની નિમણૂંક કરવામાં આવી છે!' ખરેખર આવી નિમણૂક આશ્ચર્યજનક છે. મિસ સોરરાબજીને જો સ્ત્રી કેળવણી ખાતામાં નીમ્યા હોત તો તે વધારે આવકારદાયી હતું. (મૂળ: સત્યવક્તા ૨ જિ માર્ચ, ૧૮૮૮. પા. ૧૬) (પૃષ્ઠ: ૨૯૩, ગુજરાતમાં ઓગણીસમી સદીમાં સામાજિક પરિવર્તન, નીરા દેસાઈ)

અહીં ઓગણીસમી સદી દરમિયાન શિક્ષણ મેળવતી બહેનો પરત્વેનો સામાજિક દ્રષ્ટિકોણ છતો થાય છે. સુધારાવાદી ઓગણીસમી સદીમાં બહેનોના શિક્ષણ માટેનો માહોલ જરૂર તૈયાર થયો હતો, પરંતુ તેમની વ્યાવસાયિક ભૂમિકાનો સ્વીકાર થાય એ પ્રકારનું સામાજિક વાતાવરણ ઉભું નહોતું થયું. ઉચ્ચ શિક્ષણ લેવું એ પુરુષોનું અધિકાર ક્ષેત્ર હતું.

કેળવણી પામેલ સ્ત્રીઓ વ્યાપક વિશ્વથી પરિચિત થાય અને પોતાના વિચારો પ્રદર્શિત કરતી બને એ માટે કેટલાક ગુજરાતી મહિલા સામયિકો શરૂ થયા. જેમાં સ્ત્રી બોધ, સુંદરી સુબોધ, સ્ત્રીહિતોપદેશ, વનિતાવિજ્ઞાન વગેરે જાણીતા સામાયિક છે. ગુજરાતમાં ૧૯૦૪થી અમદાવાદથી રામમોહનરાય દેસાઈ અને કૃષ્ણરાવ દિવેટિયા દ્વારા પ્રકાશિત એવા સુંદરી-સુબોધ સામાયિકમાં આવતા લેખના વિષયોની વૈવિધ્યતા સ્ત્રીઓના જીવનને દર્શાવે છે. આ સામાયિકમાં કાવ્યકુંજ, વાર્તાલહરી, વિવિધ વિહાર, ફૂલવાડી, સમાજ સાહિત્ય વિજ્ઞાન, વર્તમાન, સમયતરંગ, જેવા જુદાજુદા વિભાગો હેઠળ પુરુષો અને સ્ત્રીઓ બંને દ્વારા લેખ પ્રકાશિત થતા. પ્રત્યેક લખાણોમાં સ્ત્રી જીવન કેન્દ્ર સ્થાને રહેતું. આ સામાયિકમાં શારદાબેન મહેતા, વિધ્યાગૌરી નીલકંઠ, કૃષ્ણાગૌરી રાવળ વગેરે જેવી શિક્ષિત સ્ત્રીઓ નિયમિત લખતી. અહીં પ્રકાશિત લેખોના વિષયોમાં સ્ત્રી કેળવણી, કન્યાજન્મ, બાળલગ્ન, સ્ત્રીઓ અને રાજકારણનો સમાવેશ થતો. કાવ્યકુંજ હેઠળ સ્ત્રીઓ

કવિતાઓ પ્રકાશિત કરતી. કવિતાના વિષયો પણ નોંખા રહેતા, કવિતામાં ક્યારેક સાસુ પુત્રવધુને પરીક્ષામાં સફળતા મળતા કવિતાના માધ્યમથી શુભેચ્છા પાઠવતી પણ જોવા મળતી.

“ભાવે ભણજો ભણતર ઓ ભણનારી રે,<br>
નારી કેળવણી સુખકારી<br>
રૂડી કેળવણી સદાચારી<br>
રહે તોય અભણ બહુ નારી રે;<br>
નહિ હોય કાં બુદ્ધિ નઠારી? – ભાવે ભણજો.

- ચંપાવતી બહેન

એક વખત કોઈ બહેન દ્વારા પતિની આરતી પ્રગટ કરવામાં આવી ત્યારે સામાયિકના તંત્રી દ્વારા ખાસ નોંધ મૂકીને પત્નીની આરતી લખવા વાચકોને આમંત્રણ આપવામાં આવે છે. જેના ભાગરૂપે છ પત્નીવ્રતા પતિઓ દ્વારા કવિતા લખી મોકલાવી. જેના શીર્ષક પણ પત્ની દેવીની આરતી, ગૃહદેવીનું પૂજન, પ્રિયાની આરતી જેવા ધ્યાનાકર્ષક હતા. અહીં પ્રકાશિત સામાજિક મુદ્દાઓની સાથે સો વર્ષ પહેલાં લખતી વાર્તાઓનો અલગથી અભ્યાસ કરવો પડે.

**ગુજરાતી આત્મકથાઓમાં સ્ત્રી જીવનનું દર્શન**

ગુજરાતી ભાષામાં સૌ પ્રથમ આત્મકથા લખવાની ચેષ્ટા કરી હોય તો તે નર્મદ. સુધારક યુગના સર્જક જ નહિ પણ અંગત જીવનમાં પણ સુધારાનો અભિગમ રાખીને જીવનાર નર્મદ ‘મારી હકીકત’ આત્મકથામાં ઘણા ખરા અંશે પોતાના વિશે ખુલીને લખે છે. પોતાની આત્મકથામાં સુધારાના હિમાયતી એવા નર્મદ ગુજરાતી નાગરી નાતના સમાજની અને તેમની આસપાસની સ્ત્રીઓ વિશે વાત કરે છે. નાગરી નાતમાં પોતાના વિવાહ અને જન્માક્ષર વિશેનો ઉલ્લેખ કરતા લખે છે કે, “પછી એક દહાડો જોસ્સામાં મેં મારે સાસરે કહેવડાવ્યું કે જન્માક્ષર પાછા આપો. તેઓએ જવાબ આપ્યો કે તે તો બાલી નાખ્યા છ અને એ રાતે મેં વિવાહ ફોક કર્યો. નગરી ન્યાતમાં એવું કામ થોડા જ જણ કરે છે કેમ કે કન્યાના તોટા...” અહીં નર્મદ નાગરી નાતમાં કન્યાની અછત તરફ અંગૂલીનિર્દેશ કરે છે. તેની સાથે સ્ત્રીઓના અસામાન જાતિપ્રમાણનો પ્રશ્નનો ઉલ્લેખ કરે છે.

નર્મદ સ્ત્રીઓની પરાધીનતાના ઉપાય સૂચવતાં જણાવે છે કે, “જે દાસપણું આપણા લોકોએ સ્ત્રીઓને આપ્યું છે, તેમાંથી તેઓએ છોડાવવાને હાલમાં વિદ્વાનો વાણીથીને લખાણથી મહેનત કરે છે, પણ જ્યાં સુધી પુરુષો પોતાના સંબંધવાળી સ્ત્રીઓને વ્યવહારમાં યોગ્ય છૂટ નહિ આપે અને સર્વ સ્ત્રીઓ પોતાની મેળે યોગ્ય છૂટ નહિ લે ત્યાં સુધી આપણા દેશની સ્ત્રીઓની સ્થિતિ સુધારવાની નથી.” આ વાક્યમાં નર્મદ સુધારાવાદી વિચારોનો પ્રભાવ જોવા મળે છે, તેની સાથે સામાજિક

વ્યાવહારિક પરિવર્તન લાવવા પુરુષોને આહ્વાન કર્યું છે કે સ્ત્રીઓની પરાધીનતા દૂર કરવા માટે પોતાની પત્નીઓને છૂટ આપવા ભલામણ કરે. સ્ત્રી સ્વતંત્રતાનો હિમાયતી લાગતાં નર્મદના વિધાનોમાં વિરોધાભાસ ત્યારે દેખાયો જ્યારે નર્મદ પોતાની પત્ની હોવાછતાં વિધવા સાથે પુન:લગ્ન કરે છે. વિધવા સાથેનું તેમનું લગ્નનું પગલું સુધારાવાદી ચોક્કસ હતું, પરંતુ પ્રથમ પત્ની ડાહીગૌરી સાથેના સંબંધોમાં પત્ની પર પોતાના આધિકારની ભાવના વ્યક્ત થાય છે. ડાહીગૌરીને મુંબઈ સાથે રહેવા બોલાવ્યા બાદ નર્મદ તેમની આગળ કેટલીક શરતો મૂકે છે, તેમાંથી ડાહીગૌરી છેલ્લી શરત સ્વીકારે છે, "મારા ખૂંધ્યા ખમવા ને દુ:ખ પામતા પણ મારી જ સાથે રહેવું." જો કે આ શરતના સ્વીકાર બાદ જ્યારે ડાહીગૌરી પોતાના મરજી મુજબ કરવા માગતા કહે છે કે,- "મારાં મન થકી હું કોઈપણ પ્રકારના નિયમથી રહેવા માંગુ તો નથી ધારતી જે તેમાં તમને અડચણ જેવું હોય." નર્મદ વળતો જવાબ આપતા કહે છે કે,-"તું જે નિયમ પાળવાને ઈચ્છે તે કહી જણાવવાને તુજે રાજા છે, પણ અમલમાં આણવાને તો મારી પ્રસન્નતા ને આજ્ઞા હોય તો જ તારાથી નિયમ પળાય. તું કહીશ ખરી કે ફલાણું વ્રત કરૂં, પણ હું રાજી હોઉં ને આજ્ઞા આપું તો જ તારે આ વ્રત પાળવું બાકી નહીં." અહીં શિક્ષિત સુધારાવાદી, સ્ત્રી સ્વાતંત્ર્યના હિમાયતી એવા નર્મદની પત્નીના વ્યવહાર સંબંધે પિતૃસત્તાક માનસિકતા છતી થાય છે.

શારદાબહેન મહેતા પોતાની જીવન સંભારણા આત્મકથામાં શારદાબહેન આધુનિક અને પરંપરાગત સામાજિક મૂલ્યોના સંઘર્ષની રજૂઆત કરે છે. ઓગણીસમી સદીના અંતિમ વર્ષોમાં મેટ્રીક્યુલેશનની પરીક્ષા પાસ કરીને કોલેજમાં પ્રવેશ કરે છે ત્યારે અમદાવાદ જેવા શહેરમાં પ્રવર્તમાન સમાજ જીવનમાં સ્ત્રીઓ વિશેના ખ્યાલોનું વર્ણન કરતા લખે છે કે. 'વિદ્યાબહેને તો લગ્ન કરેલ હતું' 'મહિપતરામભાઈનું કુટુંબ તો સુધારેલું બહુજ ગણાય એટલે તેમને ત્યાં તો જે કરે તે પરવડે પણ એક સામાન્ય સ્થિતિના કુટુંબની છોકરી તે પણ કુવારી, તે વળી કોલેજમાં છોકરાઓ સાથે બેસીને વિદ્યાભ્યાસ કરે! એ તો ગજબ જ થઇ ગયો! .... એ જમાનામાં તો એટલી છૂટ લેનાર ઉપર શીંગડા ઉગવાના જ બાકી રહેતાં, એટલી કનડગત થતી.'

ગંગાબહેન પટેલ પોતાના આત્મકથાનક "સ્મૃતિસાગરના તીરે" ચરોતર પ્રદેશના ઉચ્ચ ગણાતા એવા છ ગામ પાટીદાર સમાજના રીવાજો અને સ્ત્રી જીવન પર પ્રકાશ પાડે છે. માત્ર દોઢ ચોપડી ભણેલા ગંગાબહેન પોતાની અદભૂત નિરીક્ષણ અને વર્ણનશૈલીનો પરિચય આપે છે. પોતાના જીવન વિશે વાત કરતા ગુજરાતમાં પટેલ જ્ઞાતિમાં પ્રવર્તતા બાળલગ્નના ચાલ અને દહેજના સામાજિક રીવાજનું વર્ણન કરે છે. ચાર વર્ષની બાળ કન્યાને પરણવું એટલે શું...? એની

સમજ ક્યાંથી હોય ત્યારે લગ્નની વિધિનું વર્ણન કરતા લખે છે કે, “બ્રાહ્મણો શ્લોકો બોલતા બોલતા વરમાળા તૈયાર કરતા હતા અને હું એકદમ ઉઠીને ઉભી થઇ ગઈ. બધા જ બૈરા ખડખડ હસી પડ્યા, અરે! કન્યા તો ઉઠી ગઈ. મારી બા .. કહેવા લાગ્યા. ‘જો પરણતા પરણતા આમ ઉઠાય નહિ. મે કહ્યું મારે નથી પરણવું, મને ઉંઘ આવે છે. બા એ કહ્યું પરણવું તો પૂરું કરવું પડે મે મોટો ધાંટો પાડીને કહ્યું એમાં શું છે? અડધું કાલે પરણશું. આજે તો ઉંઘ આવે છે.’ પછી બા એ બીજી વાત કરી સ્પર્ધાની જો સામે બેઠેલો તારો વર કાંઈ બોલે છે? કેવો ડાહ્યો થઇને બેઠો છે! અને તું આમ કરીશ તો ગાંડી નહિ કહેવાઉ?..... વર સાથે સમાન થવા માટે હું બેસી ગઈ. ”

આ પુસ્તકમાં જેમને ત્યાં દીકરીના લગ્ન હોય ત્યાં છ મહિના પહેલાં કેવી તૈયારીઓ ચાલતી તેનું પણ વિગતે વર્ણન કરવામાં આવ્યું છે. ઘઉં, ચોખા, દાળ, વડી, પાપડ, ઢેબરા તૈયાર કરવા કુટુંબ અને નાતની બહેનો કેવી રીતે સામૂહિક શ્રમ કાર્ય કરીને સિધુ સામાન તૈયાર કરતી તેનું બખૂબી વર્ણન છે. તે લગ્ન એ પારિવારિક ઉજવણી અને સામૂહિક જવાબદારીનો પ્રસંગ બની રહેતો. સગાસંબંધીઓની ભાગીદારી મહત્વની રહેતી. દોઢ ચોપડી ભણેલા ગંગાબહેન પુષ્કળ વાંચતા પરંતુ લખવાનો મહાવરો નહિ. કાના માત્રાના ઠેકાણાં નહિ. બાળલગ્ન કરેલ ગંગાબહેન પિતાને ત્યાં જ રહેતાં, મોટા થયા બાદ અભ્યાસ અર્થે વડોદરા ગયેલ પતિને પત્ર લખે છે. જેના જવાબમાં પતિ તરફથી મળેલ પત્રના પ્રસંગનું વર્ણન કરતા લખે છે કે, “આ કાગળ ઉઘડતા મારી છાતીમાં ધબકારા થવા મંડ્યા, અવશ્ય આનંદના જ હતા. પરંતુ કવરમાંથી કાગળ નીકળતાં એ ધબકારા ક્ષોભના અને ડરના જ થઇ ગયેલાં, કારણ કે કાગળ મારો પોતાનો જ લખેલો પાછો આવ્યો હતો. એના એક છેડા પર લખેલું હતું કે, આવા કાગળ વાંચવાની માટે ટેવ નથી. માટે આવા અક્ષરનો કાગળ ફરી લખવો નહી. ખુબ રડીને ગંગાબહેને નિશ્ચય કર્યો કે હવે પૂરું શીખીને જ કાગળ લખીશ.” આ શબ્દોમાં એક નવોઢાનો રોમાંચ અને સાથે તે સમયે શિક્ષણના અભાવમાં લખી વાંચી ન શકતી સ્ત્રીઓની મનોદશાનું વર્ણન થયું છે. ગંગાબહેન એ પછી તો સરસ લખતા અને જાહેરમાં બોલતા થયા. પણ તે સમયની કેટલીય સ્ત્રીઓ પોતાના પતિ સાથે આવું શૈક્ષણિક અંતર અનુભવતી હશે, તેની કલ્પના કરવી રહી.

## ગુજરાતી વાર્તાઓ અને નવલકથામાં સ્ત્રી જીવનનું વર્ણન

### સાત પગલા આકાશમાં

ગુજરાતના નારીવાદ અને નવલકથા ક્ષેત્રે સતત ચર્ચાતી કૃતિ એટલે સાત પગલા આકાશમાં. કુંદનિકા કાપડિયા લિખિત આ નવલકથામાં વસુધા અને વ્યોમેશના પાત્ર દ્વારા સ્ત્રી

જીવનના અંતરમનમાં પડેલ અનુભવો અને વ્યથાઓનું વર્ણન કરવામાં આવ્યું છે. વસુધા જેવી ગૃહિણીના પાત્ર દ્વારા એક ગૃહિણીના જીવનને સૂક્ષ્મ રીતે દર્શાવ્યું છે. સાથે તેની અકળામણ પણ રજૂ કરવામાં આવી છે. કુટુંબમાં જાતને ઓગાળી દેતી સ્ત્રીને કુટુંબજીવન સિવાય પણ પોતાનું એક અલાયદું વ્યક્તિત્વ છે તેની સમજ ઉભી કરવામાં આવી છે.

**કાદંબરીની માં**

ધીરુબહેન પટેલ લિખિત નવલકથા ૧૯૮૮ની આસપાસના ગુજરાતના સમાજજીવનને દર્શાવે છે. ભણેલી ગણેલી સ્ત્રીઓ હજીએ કેવી રીતે પિતૃસત્તાક વ્યવસ્થાનો હાથો બની રહી છે તેની વાર્તા દ્વારા સમજ આપવામાં આવી છે, પૈસા પાત્ર કુટુંબમાં પણ સ્ત્રીઓની સ્થિતિ અને સંવેદનશીલતાથી રજૂ કરવામાં આવી છે. કાદંબરીને પાછી સાસરે ન મોકલવા આતે તેના સાસુ વિજયા તેના વેવાણ અરૂણાને કહે છે કે, “લાચાર છું બધો વહીવટ અનીલના હાથમાં છે. તમારા વેવાઈની હાલત તમે જાણો છો. એ ઘર સિવાય મારો છૂટકો નથી, આનો (કાદંબરી)નો છે.” પોતાની જ માતૃક સંપતિમાં સ્ત્રી કેવી પરાધીનતા અનુભવે છે તેનું અને બીજી સ્ત્રીની સ્વતંત્રતા ઈચ્છતી લાગણી વ્યક્ત થઇ છે. સાથે સ્ત્રીઓ ભણતી થઇ પરંતુ નાણાકીય વહીવટી બાબતોમાં ઘરના પુરુષોના સામાજિક વર્ચસ્વને દર્શાવવામાં આવ્યું છે.

૧૮૬૮માં જ્ઞાન દીપક નામના સામાયિકમાં છપાયેલ એક હિંદુ વિધવાઓનું દુઃખ જાણનાર સ્ત્રીની આપવીતી લેખ વધારે હૃદયદ્રાવક છે. જેમાં બાળ વિધવા થયેલ સ્ત્રીઓ સાથે થતા ભેદભાવ અને શારીરિક શોષણનો ભોગ બનેલ સ્ત્રીએ પોતાની આપવીતી વર્ણવેલ છે. તો ગુજરાતમાં વિધવા પુન:લગ્ન કરનાર એવા ધનકોરબાઈ અને માધવ રૂઘનાથદાસ પરનું પુસ્તક એક પુન:વિવાહની કહાની સામાજિક સાહિત્યિક દ્રષ્ટીએ  મહત્વનું છે. આ સંદર્ભે અંધારી ગલીમાં સફેદ ટપકાં નવલકથામાં હિમાંશીબહેન શેલત દ્વારા વિધવા જીવનને સમજવાનો પ્રયાસ કર્યો છે.

**પૂર્ણિમા, અપ્સરા;**

રમણલાલ વસંતલાલ દેસાઈ દ્વારા લિખિત આ બે પુસ્તકો સમાજ જીવનથી તદ્દન જુદા જ સ્ત્રી જીવનને દર્શાવે છે. દેહ વિક્રય સાથે જોડાયેલ બહેનોના જીવનની સામજિક સમજ માટે આજેય એટલા પ્રસ્તુત છે. ઘર પરિવારમાં જુદીજુદી ભૂમિકાઓ ભજવતી સ્ત્રીઓથી તેમની સ્થિતિ જુદી છે. સમાજનો દરેક જ્ઞાતિ, ધર્મ, શિક્ષિત, અશિક્ષિત પરણિત, અપરણિત, શહેરી, ગ્રામીણ પુરુષ તેમની પાસે જાય છે. સમાજમાં અછૂત રહી ગયેલ ક્ષેત્રમાં ગણિકાઓના જીવનને નજીકથી સમજાવવાનો પ્રયાસ આ પુસ્તકમાં કરવામાં આવ્યો છે.

**ગોદડી**

ધીરુબહેન પટેલની ટૂંકીવાર્તામાં માતા અને પરણિત પુત્રીના સંવાદો દ્વારા બંનેની પોતપોતાના ઘરસંસાર વિશેની રજૂઆત કરવામાં આવી છે. પરણિત પુત્રીને લગ્નબાદ માતાની ચિંતા છે. કારણ માતા જ તેના પિયર અને ઘર હોવાનો અહેસાસ છે. જ્યારે માતા માટે પરણિત પુત્રીની ચિંતા છે, પણ દીકરીની વણમાંગી સલાહ કે ચિંતા સાંભળવાનો પણ કંટાળો આવતો હોય તેવું વ્યક્ત થાય છે. પિતૃસત્તાક વિચારસરણીમાં ઉછરેલ માતા કમલા માટે દારૂડિયો પતિ એ જ સર્વસ્વ. એટલે જ  માતા દ્વારા ભાગ્યે જ કોઈ સંવાદ બોલતાં દર્શાવાઈ છે. એ ગોદડીના રૂપમાં તે પોતાના ઘરસંસારને સીવતી જોઈ શકાય છે. બીજી તરફ દીકરી સાસરે ખુશ હોવાછતાંય પોતાના ઘરની સ્થિતિથી દુ:ખી છે, ઘરેથી નીકળતી વખતે દીકરી લાજું કહે છે કે, “કદાચ આવતે મહિને હું નહીં આવું.” તેના કારણમાં પતિને આવા લતામાં હું આવું છું એ પસંદ નથી એમ જણાવે છે. ત્યારે માં ગભરાઈને તરત બોલે છે. “તો ન આવતી.  વિનયને ન ગમે તે જ કરવું. હું તો મજામાં છું. મારી ફિકર નહિ કરવાની.” દીકરી માંની પીડા બરાબર સમજે છે. જ્યારે માએ પોતાના જીવનનો બરોબર સ્વીકાર કરી લીધો છે. એટલે જ દીકરીની શિખામણ એને સ્પર્શતી નથી.

**એકવીસમુ ટીફીન**

થોડા વર્ષ પૂર્વે જ રામ મોરી દ્વારા લખાયેલ વાર્તા એકવીસમાં ટીફીનમાં શહેરી મધ્યમ વર્ગીય સ્ત્રીની વાત છે. થોડા સમય પહેલાં તેના પર એક ગુજરાતી ફિલ્મ પણ બની. પતિને આર્થિક ટેકો કરવા માટે ટીફીન બનાવવાનો વ્યવસાય કરતી ગૃહિણી પોતાની જાતથી કેવી વિમુખતા અનુભવે છે તેનું વર્ણન કરે છે. જેમાં ભણેલી ગણેલી દીકરી અને માતા વચ્ચેના સંબંધોને પણ દર્શાવ્યા છે. ભણેલી ગણેલી દીકરીને કામકાજમાં ડૂબેલાં પિતાની તેમની પત્નીના નિત્ય જીવનમાં થતી અવગણના યોગ્ય લાગે છે. આમ કરતા દીકરી નીતલના પાત્ર દ્વારા “ઓહ સ્ટોપ ઈટ મોમ, તું શું એમ કહેવા માંગે છે કે પપ્પા એમની જવાબદારીથી દૂર ભાગે છે? એમણે તારા પર ધ્યાન નથી આપ્યું? એ તને પ્રેમ તો કરે જ છે. આ ઘર આપ્યું, ખાવાનું આપી શકે છે, પહેરવાના કપડાં આપી શકે છે, સાથે રહીને સેફ્ટી આપે છે…” શહેરી મધ્યમ વર્ગીય પરિવારની સ્ત્રીઓ સમયની તાલ સાથે જીવતા સવારથી સાંજની કુત્રિમતા વચ્ચે સહજીવનનો અર્થ શોધતી સ્ત્રીની આ વાર્તા છે. તેવામાં આનાયાસે ટીફિન મંગાવતો યુવાન એ સ્ત્રીના જીવનને બદલી નાખે છે. એ સ્ત્રીને એની જાત સાથેનો મેળાપ કરાવી આપે છે. પોતાના એ જ નિત્ય કામને વધારે ઉત્સાહ

સાથે કરતી જોઈ શકાય છે. આ વાર્તામાં બીબાઢાળ સ્ત્રી જીવનમાં ઉભા થતા લાગણીઓના ખાલીપાના ભાવને સૂપેરે વ્યક્ત થયો છે.

## સમાપન:

વર્તમાન ગુજરાતી સાહિત્યમાં સ્ત્રી જીવનને સ્પર્શતા અનેક વણખેડાયેલ વિષયો પર લખવાની શરૂઆત થઇ છે. સમયની સાથે બદલાતા સ્ત્રી જીવન અને તેની ભૂમિકાને દર્શાવતા બન્યા છે. આમ છતાં કેટલાંક વિષયો સાસુવહુના સંબંધો, વ્યાવસાયિક સ્ત્રીઓના જીવન, બાળક અને પરિવાર  વિશેના આધુનિક સ્ત્રીઓના ખ્યાલો, તો બાળક માટે પોતાના શરીર પર ટ્રીટમેન્ટ કરાવતી સ્ત્રીઓના મનોભાવોને વર્ણવતા વગેરે જેવા વિષયો પર અભ્યાસ લેખન થવા જરૂરી છે. પાછલાં સો વર્ષમાં સ્ત્રીઓની સામાજિક ભૂમિકામાં પરિવર્તન આવ્યું છે. ભણેલી ગણેલ માતાપિતા દીકરીઓના અભ્યાસ અને વ્યાવસાયિક કારકિર્દીને પ્રોત્સાહન આપે છે. સ્ત્રીઓ અભ્યાસ અને વ્યવસાય અર્થે એકલી રહેતી થઇ છે. વ્યક્તિગત નિર્ણય બાબતે સ્વતંત્ર બની છે. આમછતાં લગ્ન, ઘરેલું હિંસા, મિલકતની ભાગીદારી જેવા પ્રશ્નો ટકી રહ્યા છે. એટલે જ સાહિત્ય જગતમાં સ્ત્રીઓના જીવનને દર્શાવતી વાર્તા કે નવલકથાને સમાજશાસ્ત્રીય દ્રષ્ટિકોણથી અભ્યાસ થવો જરૂરનો છે.

## સંદર્ભ:


૧. દવે નર્મદ, મારી હકીકત, સંપાદક રમેશ શુકલ, પાર્શ્વ પબ્લિકશન, અમદાવાદ, ૨૦૦૩

૨. દેસાઇ નીરા, ગુજરાતમાં ઓગણીસમી સદીમાં સામાજિક પરિવર્તન, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ, ૧૯૯૮

૩. મહેતા શારદા, જીવનસંભારણા, શ્રવણ ટ્રસ્ટ, અમદાવાદ, ૧૯૮૩

૪. દેસાઈ ર. વ. પૂર્ણિમા

૫. દેસાઈ ર. વ. અપ્સરા

૬. કાપડિયા કુન્દનિકા, સાત પગલા આકાશમાં.

૭. મહેતા શારદા, મારા જીવન સંભારણા,

૮. મહેતા શિરીન,

૯. મોરી રામ, એકવીસમી ટીફીન.

૧૦. માધવ રૂઘનાથસાદ, એક પુન:વિવાહની કહાની

૧૧. પટેલ ધીરુબહેન, કાદંબરીની માં

૧૨. પટેલ કમળા, મૂળસોતાં ઉખડેલા

૧૩. શેલત હિમાંશી, અંધારી ગલીમાં સફેદ ટપકાં